ગાંધીનગર સમાચાર

ગુજરાત અને દુબઇ વચ્ચે બિઝનેસ બ્રિજનુ નિર્માણ કરવા ઉજ્જવળ તક



વિજયોત્સવ - ચાર રાજ્યોમાં ભાજપની સરકાર રચાતા રાષ્ટ્રીય કક્ષાએથી વિજયોત્સવ ઉજવવાના કાર્યક્રમ સંદર્ભે ગાંધીનગર શહેરમાં પણ ભાજપના કાર્યકરો દ્વારા વિજય રેલી યોજાઈ હતી... સેક્ટર-૨૧ ભાજપના કાર્યાલય શ્રીકમલમ્ ખાતેથી આરંભાયેલી વિજય રેલી શહેરના બજારોમાં અને મુખ્ય માર્ગો પર ફરી હતી... આરંભીક પદયાત્રા થોડાક અંતરે બાઈક રેલીમાં ફેરવાઈ હતી... વિજયોત્સવને ભાજપના કાર્યકરોએ આતશબાજી કરીને ઉજવ્યો હતો...

# શહેરમાં વધતા જતા અકસ્માતો નાથવા માટે ટ્રાફિક નિયમન કડક કરવા તાકીદ

**ચાલીસ જેટલા સ્થાનો અકસ્માતના સંભવિત ક્ષેત્રો છે ત્યાં બમ્પ બનાવવા સહિત ટ્રાફિક પોઈન્ટ પણ ઉભા કરાશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં વધતા જતા માર્ક અકસ્માતના બનાવોને લઈ આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ કાયદો-વ્યવસ્થાની બેઠકમાં ચિંતાની લાગણી વ્યક્ત કરાઈ હતી.

શહેરમાં ટ્રાફિક નિયમનને લઈ એક વિશેષ ઝુંબેશ ચલાવવા માટેનું પણ સૂચન રજુ થયુ હતુ.

જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યુ હતુ કે પોલીસ તંત્ર દ્વારા શહેરમાં ૪૦ જેટલા ડાર્કઝોન જે અકસ્માતોના સંભવિત વિસ્તારો છે તે ઓળખી કાઢવામાં આવ્યા છે. આ પોઈંટ પર ટ્રાફિક નિયમન માટે જરૂરી પગલાંઓ લેવામાં આવશે.

તેમણે શહેરના કેટલાક માર્ગો પર હજુ બમ્પની જરૂરિયાત હોવા પર ભાર મુક્યો હતો. આ માટે આર.એન્ડ.બી. સાથે ટુંકમાં જ અલગથી બેઠક નક્કી આ પોઈંટ બનાવવામાં આવશે. અને ત્યાં બમ્પ બનાવવાની કામગીરી માર્ગ-મકાન વિભાગ કરશે.

શહેરમાં ઓનલાઈન ટ્રાફિક સર્વેલન્સ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે તેમજ ટ્રાફિક નિયમન માટે આગામી દિવસોમાં વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે તેવા સંકેત પણ તેમણે આપ્યા હતા. ગતિ મર્યાદાના જાહેરનામાનો પણ અમલ કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લામાં રેતી જેવી ખનીજની થતી ચોરી તેમજ ઓવરલોડીંગના મુદ્દે પણ ચર્ચાઓ થઈ હતી. ઓવરલોડીંગ જતી ટ્રકો અને અન્ય વાહનો સામે આરટીઓ પોલીસતંત્ર સંયુક્ત ઓપરેશન હાથ ધરે તેવી સૂચનાઓ પણ અપાઈ હતી.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લઈ આ બેઠકમાં ખુબજ ઊંડાણપૂર્વક ચર્ચાઓ થઈ હતી. રેતી ચોરીના બનાવો બનતા અટકે તે માટે પણ પગલાં લેવા ભૂસ્તરતંત્રના અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

# કેટલાક ગામોમાં હજુ પણ રસીકરણની નબળી કામગીરીનો તંત્રનો એકરાર

**સરકારી દવાખાનાઓમાં થતી પ્રસુતિની સંખ્યામાં ૧ ટકા જેટલો વધારો નોંધાયો છે**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના કેટલાક ગામોમાં હજુ પણ રસીકરણની કામગીરી નબળી રહેતી હોવાનો એકરાર જિલ્લા હેલ્થ મિશનની ગર્વનીંગ બોડીની બેઠકમાં તંત્રના અધિકારીઓએ કર્યો હતો.

રૂઢિગત પરંપરાઓના ચુસ્ત પાલનને લઈ આ કામગીરી નબળી રહેતી હોવાનું પણ તંત્રના અધિકારીએ જણાવ્યું હતું. જો કે આ માટે લોકોમાં જાગૃતિ આવે અને રસીકરણની કામગીરી ૧૦૦ ટકા થાય તે દિશામાં કામગીરી કરવા માટેની સૂચનાઓ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આપી હતી.

માર્ચ અંતિત વિવિધ યોજનાઓના લક્ષ્યાંકોમાં ૧૦૦ ટકા સિધ્ધિ મળે તે માટે તંત્રના અધિકારીઓને મિશન મોડ પર કામગીરી કરવા પર પણ આ બેઠકમાં ભાર મુકવામાં આવ્યો હતો.

જિલ્લામાં સરકારી દવાખાનાઓમાં થતી પ્રસુતિની સંખ્યામાં ૧ ટકાનો વધારો નોંધાયો છે. જો કે આ દર માર્ચ સુધીમાં ૩ ટકા સુધીનો વધારો નોંધાય તેવા પ્રયાસો તંત્ર દ્વારા શરૂ કરવામાં આવ્યા છે.

જિલ્લા હેલ્થ મિશનની બેઠકમાં સરકારી દવાખાનાઓમાં જે ૪૫ ટકા જેટલી પ્રસુતિઓ થતી હતી તે વધીને ૪૬ ટકા પર પહોંચી છે. તેવી વિગતો મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ રજુ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે આ ૧ ટકાનો વધારો ૩૧મી માર્ચ સુધીમાં ૩ ટકા સુધી પહોંચવાની સંભાવનાઓ છે. આમ જિલ્લામાં ૪૮ ટકા પ્રસુતિઓ સરકારી દવાખાનાઓમાં થાય તે માટે તંત્ર કાર્યરત છે.

# ગુજરાત અને દુબઇ વચ્ચે બિઝનેસ બ્રિજનુ નિર્માણ કરવા ઉજ્જવળ તક

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી બિઝનેસ માટે ઉજ્જવળ તકો**

**દુબઇ ચેમ્બરના પ્રેસિડેન્ટ ગુજરાતી કલ્ચર અને ફુડથી પણ પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૮

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લીધે દુબઈ અને ભારત વચ્ચેના સંબંધો વધુ મજબુત બન્યા છે. જયારે બિઝનેસની દ્રષ્ટીએ પણ નવી તકો ઉભી થઈ છે. ગુજરાતના કલ્ચર અને ફુડથી પ્રભાવિત દુબઈ ચેમ્બરના પ્રેસિડેન્ટ હમદ બુઆમીમે તેમની ગાંધીનગરની મુલાકાત દરમિયાન આમ જણાંવ્યુ હતુ



ગુજરાત અને દુબઈ વચ્ચે બિઝનેસ બ્રિજને મજબુત કરવા માટે દુબઈ ચેમ્બરના પ્રેસિડન્ટે ગુજરાતના મુખ્યમંત્રીની મુલાકાત લીધી હતી. તેમણે આ તબક્કે જણાંવ્યુ હતુ કે દુબઈ અને ભારતનુ બિઝનેસ કલ્ચર સમાન છે. જયારે દુબઈ અને ભારત વચ્ચેની બિઝનેસ રીલેશનશીપને વેગ આપવા માટે ખાસ કરીને ગુજરાત પર ધ્યાન કેન્દ્રીત કરવાની અનિવાર્યતા છે. જેમાં ટેક્સટાઈલ કૃષિ સેકટર મુખ્ય છે. દુબઈ અને ગુજરાત પરસ્પર ધંધાકીય દ્રષ્ટિએ નવી તકો ઉભી કરે તે અનિવાર્ય છે. તેમણે અનાજનો બગાડ અટકાવવા માટે કોલ્ડ સ્ટોરેજ બનાવવાના પર ભાર મુક્યો હતો. આ તબક્કે દુબઈ ચેમ્બરની પ્રથમ ઓફિસ વર્ષ ૨૦૧૯ માં મુંબઈ શરૂ કરવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ.

દુબઈ ચેમ્બરના પ્રેસિડન્ટ અને સીઈઓ હમદ બુઆમીમ દુબઈ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ગ્લોબલ ઈન્ટસ્ટ્રીઝ બિઝનેસ ફોરમ સિરીઝ રોડ શો અંતર્ગત ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. તેમણે મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન દુબઈ અને ગુજરાત વચ્ચે આર્થિક સહયોગ વધારવાના પરિબળો અંગે

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વ સાથે કદમ મિલાવવા સોલાર એનર્જીનો ઉપયોગ અનિવાર્ય : મેયર

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરને સોલાર સીટી બનાવવાની દિશામાં તબક્કાવાર પ્રયાસો હાથ ધરવામાં આવી રહયા છે. ત્યારે સોલાર એનર્જી અંગે નગરજનો જાગૃત થાય અને તેના

**આવનારી પેઢીની ચિંતા કરી સોલાર એનર્જી અપનાવો -કેન્દ્રીય સચિવ**

મહત્તમ ઉપયોગ થકી વિજબચત સાથે ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાને હળવી કરવા માટે અવેર થાય તેવા આશયથી શહેરમાં સોલાર એનર્જી અંગે જનજાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ તબક્કે



ગાંધીનગરના મેયરે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર સોલાર સીટી બનવા તરફ આગળ વધી રહયુ છે. જયારે વિશ્વ સાથે કદમ મિલાવવા માટે સોલાર એનર્જીનો ઉપયોગ અનિવાર્ય છે.

નેશનલ સોલાર એનર્જી ફેડરેશન ઓફ ઈન્ડિયા અને

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર કમિશનર ટીમનો અમદાવાદ સામે કારમો પરાજય

ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદ ખાતે આજથી શરૂ થયેલ મેયર કપ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર કમિશનર ટીમનો અમદાવાદ કમિશનરની ટીમ સામે ઘોર પરાજય થયો છે.

ગાંધીનગર કમિશનરની ટીમે ટોસ જીતી અને પ્રથમ બેટીંગ પસંદ કરી હતી. કમિશનરની ટીમ તરફથી રણુભાએ ૨૩ રન નોંધાવ્યા હતા. જોકે ૧૯ ઓવરમાં કમિશનરની ટીમ માત્ર ૬૩ રનજ નોંધાવી ઓલઆઉટ થઈ ગઈ હતી.

૬૪ રનના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરેલી અમદાવાદ કમિશનરની ટીમે પાંચ જ ઓવરમાં વિજયનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. ૧ વિકેટના ભોગે તેણે પાંચ ઓવરમાં ૬૪ રન નોંધાવી ૯ વિકેટે વિજય મેળવ્યો હતો.

રાત્રે મેયરની ટીમનો મુકાબલો અમદાવાદ મેયરની ટીમ સાથે હતો. ૮ વાગ્યા સુધીમાં ૮ ઓવરમાં ૩ વિકેટે ૬૮ રન ગાંધીનગર મેયરની ટીમે નોંધાવ્યા હતા.

## વિસનગરા નાગર બેસણું



અમારા નાનાભાઈશ્રી સ્વ. મહેશકુમાર ગુણવંતરાય પંડિતનું દુઃખદ અવસાન તા.૧૨-૩-૨૦૧૭ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૯-૩-૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ગણપતિની વાડી, વાવ દરવાજાની અંદર, માણસા.

| | |
|---|---|
| અ.સૌ. રીટાબેન અશોકકુમાર પંડિત (ભાભી) | લિ. અશોકકુમાર ગુણવંતરાય પંડિત (ભાઈ) |
| ગીતાબેન પંકજકુમાર જોષી (બેન) | હેતલ અશોકકુમાર પંડિત (ભત્રીજો) |
| ગં.સ્વ. સુષ્માબેન મહેશકુમાર પંડિત (પત્ની) | પંકજકુમાર વિષ્ણુભાઈ જોષી (બનેવી) |
| ધ્વનિ મહેશકુમાર પંડિત (પુત્રી) (સમસ્ત પંડિત પરિવાર) | નિત્ય મહેશકુમાર પંડિત (પુત્ર) |

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

લિ. ભાલચંદ્ર કૃષ્ણલાલ વ્યાસ, જીગ્નેશ ભાલચંદ્ર વ્યાસ, ભાવેશ ભાલચંદ્ર વ્યાસ (પત્રકાર)

## બેસણું



અમારા પૂજ્ય બા **ચંપાબેન જેરામભાઈ તૈરૈયા** તા. ૧૧/૩/૨૦૧૭ને શનિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૦/૩/૨૦૧૭ને સોમવારના રોજ નીચેના સ્થળે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક** દરમિયાન રાખેલ છે.

સ્થળ : કોમ્યુનિટી હૉલ, પોલીસ સ્ટેશન સામે, સેક્ટર-૭, ગાંધીનગર

લી.

હંસાબેન આઈ. બામટા

| | |
|---|---|
| લીબાને સી. મહેતા | ડો. નિમિષ આઈ. બામટા |
| ચંદ્રકાન્તભાઈ એલ. મહેતા (સી.એલ. મહેતા) | માયા નિમિષ બામટા |

## બેસણું



મારા ધર્મપત્ની **લીલાબા રજુજી ગોલ**નો તા. ૧૪/૩/૨૦૧૭, મંગળવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૦/૩/૨૦૧૭, સોમવાર સવારે ૯.૦૦ થી ૩.૦૦ કલાક** સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૨૦૨/૧, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર

લિ.

**રજૂજી બબાજી ગોલ**

(પ્રમુખશ્રી : રાજધાની વસાહત સેવા મંડળ, ગાંધીનગર)

પ્રમુખશ્રી : સેક્ટર-૧૭ વસાહત મંડળ અને વેપારી મંડળ)

(પ્રમુખશ્રી : અસરગ્રસ્ત વેપારી મંડળ, ગાંધીનગર)

(ઉપપ્રમુખશ્રી : ગાંધીનગર જીલ્લા રાજપૂત સમાજ)

| | |
|---|---|
| દશરથસિંહ બબાજી ગોલ | સ્વ. અજયસિંહ રજુજી ગોલ |
| સ્વ. દિલીપસિંહ બબાજી ગોલ (પૂર્વ નાયબ મામલતદાર) | ઈન્દ્રસિંહ રજુજી ગોલ |
| કુબેરસિંહ કાળુસિંહ ગોલ (તાલુકા પંચાયત સદસ્ય) | મહેન્દ્રસિંહ રજુજી ગોલ |
| અમરસિંહ સરદારસિંહ ગોલ (પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય) | સુરેન્દ્રસિંહ દિલીપસિંહ ગોલ |
| વિક્રમસિંહ સરદારસિંહ ગોલ (પ્રમુખશ્રી, ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ) | જયેશસિંહ દિલીપસિંહ ગોલ |
| ભરતસિંહ શિવાજી ગોલ | ચંદ્રેશસિંહ દશરથસિંહ ગોલ |
| કમલેશજી વેરૂજી ગોલ (પૂર્વ સરપંચ, ગામ - વાવોલ) | |
| ગાંડાજી ગોબરજી ગોલ | |

વેચાણ જોઈએ છે

SHOP/SHOWROOM
300-600 Ft.
Near Reliance Cross Road

THE SPACE
Mo. : 9328701440

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

જોઈએ છે

ગાંધીનગરની 'અખબાર ભવન'ની ઓફીસ માટે રીપોર્ટર કમ કોમર્શિયલ કામ તથા માર્કેટિંગ સંભાળી શકે તેવી વ્યક્તિની જરૂર છે.

સંપર્ક કરો:
જયહિન્દ પ્રેસ
મીઠાખળી ગરનાળા પાસે
આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન: ૯૩૨૭૫૪૮૧૪૧
email: ynshah46@gmail.com

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com